ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

ગતિવિધિ

સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટના ઓફીસ બેરર તેમજ એક્ઝીકેટીવ કમિટી મેમ્બરની વરણી

વડોદરા : સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) મધ્ય ગુજરાતના ૯ જીલ્લામાં જેવા કે વડોદરા, ભરૂચ, પંચમહાલ, દાહોદ, ખેડા, આનંદ, નર્મદા, મહીસાગર, તથા છોટા ઉદેપુર માં ટેક્ષની કામગીરીમાં કાર્યરત એવા એડ્વોકેટ્સ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ તેમજ ટેક્ષની કામગીરી કરતા ટેક્ષ પ્રોફેશનલ, કોરપોરેટ સભ્યપદ ધરાવતુ નામાંકિત એસોસીએશન છે. સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC)ની ઓફીસ કુબેર ભવન, વડોદરા ખાતે આવેલ છે. તાજેતરમાં તા. ૦૯/૦૫/૨૦૨૫ ને શુક્રવારના રોજ હોટેલ " રીજન્ત્તા ફેરલાર્ક " ખાતે વાર્ષિક સાધારણ સભા ભરાયેલ હતી. તેમાં નીચે મુજબના હોદ્દેદારોની ઓફીસ બેરર તેમજ એક્ઝીકેટીવ કમિટી મેમ્બર તરીકે વરણી થયેલ છે. આ વાર્ષિક સાધારણ સભામાં મોટી સંખ્યામાં ચેમ્બરના સભ્યો હાજર રહેલ હતા અને વરણી થયેલ સભ્યોને શુભેચ્છા પાઠવેલ હતી.

હરિસેવા ઇશ્વરીબાઇ બક્ષાણી અંગ્રેજી માધ્યમ તથા હરિ સેવા વિદ્યાલયના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

વડોદરા : ગુજરાતી માધ્યમના ધોરણ -10 અને ધોરણ -12 સામાન્ય પ્રવાહની બોર્ડની પરિક્ષામાં 95% પ્લસ પર્સન્ટાઇલ મેળવેલા ગુજરાત સેકેન્ડરી અને હાઇ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવેલી ધોરણ 10-12 ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં શહેરના વારસિયા સ્થિત હરિ સેવા ઇશ્વરીબાઇ બક્ષાણી અંગ્રેજી માધ્યમ તથા હરિ સેવા વિધ્યાલયના ગુજરાતી માધ્યમના વિધ્યાર્થીઓએ 95% પ્લસ પર્સન્ટાઇલ મેળવેલા છે તેઓના સન્માનનો કાર્યક્રમનું આયોજન શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સામાજિક અગ્રણી સન્મુખ જ્ઞાનચંદાની કે જેઓનો જન્મદિવસ પણ હોય તેમના હસ્તે 45 જેટલા વિધ્યાર્થીઓને શિલ્ડ તથા મુમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખોડિયાર નગર પાસે સોડાની ફેક્ટરીમાંથી મજૂરી કરાવતા 10 બાળકોને મુક્ત કરાવાયા

વડોદરા : એન્ટી હ્યુમન ટ્રાફિકીગ યુનિટ વડોદરા શહેર ના પોલીસ ઇન્સ્પેકટર બી.બી.પટેલ તથા સ્ટાફને મળેલી બાતમીના આધારે શહેરના ન્યૂ વીઆઇપી રોડ ખાતે આવેલા ખોડિયારનગર વિસ્તારમાં આવેલી જ્યોતિ બોટલીંગ નામની સોડાની ફેક્ટરીમા ફેક્ટરી માલિકનો છોકરો બાળ મજૂરી કરાવી તેઓનું આર્થિક શોષણ કરતો હોવાની માહિતીના આધારે તપાસ કરતાં ત્યાં 10 જેટલા સગીર છોકરાઓ કામ કરતા મળી આવ્યા હતા જેઓને મૂક્ત કરાવી આ સગીર બાળકોના આર્થિક અને માનસિક શોષણ કરનાર ફેક્ટરી માલિક પ્રકાશ ઠાકુર કેશવાણી રહે.બી-57,પ્રેમપ્રકાશ આશ્રમ સામે, વારસિયાની અટક કરી હરણી પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રણ બહેનો વચ્ચે કમાવનાર એકના એક ભાઈનુ મોત

ટીંબી ગામે વીજ લાઈન રિપેર કરતા કોન્ટ્રાક્ટના હેલ્પરનુ વીજ શોક લાગતા મોત

વિજપોલ પર LT લાઈનબંધ પરંતુ 11 kvની લાઈન ચાલુ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13 વાઘોડિયા તાલુકામાં સતત બીજા દિવસે વીજ શોખ લાગવાના બનાવમાં એકનું મોત થયાની વિગતો સામે આવી છે તિલકવાડામાં રહેતા ગૌરાંગભાઈ રમણભાઈ બારીયા ઉંમર વર્ષ 23 છેલ્લા ત્રણ મહિનાથી સિંધાઈ એન્ડ કંપની જે ફોલ્ટી વીજ લાઈન અંગેની ફરીયાદ હેલ્પલાઈનપર મળતા એલટી લાઈનની રિપેર કરવાની કામગીરી કરતા કોન્ટ્રાક્ટર ચંદનસિંગમા નોકરી કરતો હતો વાઘોડિયા તાલુકાના ટીંબી ગામે હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ મળતા તેઓ લાઈન રીપેર કરવા માટે પ્રાથમિક શાળા પાસે આવેલા વીજ પોલ પર એલટી લાઈન રિપેર કરવા માટે ચડ્યા હતા જે બાદ કામગીરી દરમિયાન તેઓને જોરદાર વી જ શોખ લાગતા તેઓ થાંભલા પરથી નીચે પટકાયા હતા. સાથી કર્મચારીઓ દ્વારા વીજ કંપનીની ગાડીમાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતા ત્યાં તેઓનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાના પગલે પરિવાર વાઘોડિયા ખાનગી હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. મજૂરી કરી પીટયુ રડતા માત પિતા ના ત્રણ દીકરીઓ વચચે એક જ કમાવનાર સંતાન હતો. જેના કારણે પરિવાર સોકાતૂર બન્યો હતો. ઘટના અંગેની જાન મધ્ય ગુજરાત વીજ કંપની વાઘોડિયાની તથા તેઓએ ઉચ્ચક કચેરીએ જાણ કરતા જિલ્લા તેમજ વાઘોડિયા ખાતે ફરજ બજાવતા અધિકારીઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. ઘટના અંગેની જાણ કોન્ટ્રાક્ટર દ્વારા પરિવારને સાથે રાખી વાઘોડિયા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી.

આર કે ગોહિલ ડેપ્યુટી એન્જિનિયર વાઘોડિયા એમજીવીસીએલ વીજ પોલ પર નીચે એલટી લાઈન પસાર થાય છે ઉપરથી 11 કેવી ની લાઈન પસાર થાય છે કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા જે વીજ પ્રવાહ બંધ કરવાનો કહેવામાં આવે છે તે પ્રમાણે કરવામા આવે છે.

વિજ કંપનીના હેલ્પર 11 કેવી બંધ કરવા પહોંચે તે પહેલા હેલ્પર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવતા ઉપરથી પસાર થતા 11 KV ના વીજ વાયરને હાથ અડકી જતા આ અકસ્માત બન્યો હતો. અમે અકસ્માત અંગે તપાસ કરી રહ્યા છે.

કચેરીઓમાં સાંજના ૪ થી ૬ કલાક દરમ્યાન નોંધણીની કામગીરી થશે

નાગરિક સંરક્ષણ દળમાં સ્વયં સેવક તરીકે જોડાવા તંત્રની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 દેશમાં સરહદી વિસ્તારોમાં સર્જાઈ રહેલી તંગ પરિસ્થિતિ ધ્યાને લઈને દેશની રક્ષા કાજે યુવા પેઢીને નાગરિક સંરક્ષણ દળ(સિવિલ ડિફેન્સ) સ્વેચ્છાએ જોડાવવા અપીલ કરી છે. વડોદરા શહેરની ચાર અને જિલ્લાની આઠ સહિત કુલ ૧૨ મામલતદાર કચેરીઓમા સિવિલ ડિફેન્સ મા જોડાવવાના ફોર્મ સ્વીકારવામાં આવશ આવતીકાલ તા.૧૪ મે, ૨૦૨૫ના રોજ સાંજના ૪ થી ૬ કલાક દરમ્યાન સ્વયંસેવકોની નોંધણી મામલતદાર સમક્ષ કરવામાં આવશે.સ્વયંસેવક ના રજિસ્ટ્રેશન માટે આધાર કાર્ડ,ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ,ડ્રાઈવિંગ લાઈસન્સ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર,લાઈટ બિલ/ઘરવેરા પૈકી કોઈપણ બે પુરાવા સાથે લઈને આવવાનું રહેશે. સિવિલ ડિફેન્સ સ્વયં સેવકોની નોંધણી માટે લાયકાત ૧૮ વર્ષ ઉપર તેમજ શારીરિક સ્વાસ્થ્ય નિરોગી અને તંદુરસ્ત વ્યક્તિઓ તથા ભારતના નાગરિકો જ જોડાઈ શકશે.આ સ્વયંસેવકો તરીકે માજી સૈનિકો, પોલીસ મિત્ર, એનએસએસ, એનસીસી, વોલંટીયર્સ, સ્થાનિક તરવૈયા, ખાનગી સુરક્ષા એજન્સીના કર્મચારીઓ, એનજીઓ વિગેરેને ખાસ પ્રાધાન્ય આપવામાં આવશે. વડોદરા જિલ્લામાં મામલતદારની ચાર કચેરી અને વડોદરા ગ્રામ્ય, વાઘોડિયા,ડભોઈ,પાદરા, કરજણ, શિનોર, સાવલી અને મામલતદાર કચેરી, ડેસર ખાતે તા.૧૪.૦૫.૨૦૨૫ના રોજ સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરિમયાન સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવશે.

હવમાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરાઇ છે

ત્રણ દિવસથી ગરમીના પ્રમાણમાં વધારો, મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી સેલ્સિયસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13 મે મહિના દરમિયાન ગત સપ્તાહે અચાનક વાતાવરણમાં બદલાવ ને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હવામાન વિભાગ દ્વારા તા.14 અને 15 મે દરમિયાન ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કેટલાક ભાગોમાં પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં ગરમીનો પારો ઉંચે જતાં સાથે જ હવામાં ભેજનું પ્રમાણ વધતાં લોકોને દિવસે તો ઠીક પરંતુ રાત્રે પણ ગરમી સાથે બફારો અનુભવાયો છે. મે મહિનામાં શરુઆતમાં જ્યારે કાળઝાળ ગરમી પડતી હોય છે ત્યારે ગત સપ્તાહે અચાનક રાજ્યના વાતાવરણમાં બદલાવ આવ્યો હતો અને ગત તા. 04 મે થી રાજ્યના ઘણા વિસ્તારોમાં પવનો સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો આ વાતાવરણ હજી પણ યથાવત જોવા મળી રહ્યું છે. હાલમાં પૂર્વ મધ્ય અરબ સાગર પર સિસ્ટમ સક્રિય બની છે બીજી તરફ દક્ષિણ પશ્ચિમ થી પશ્ચિમી દિશામાં પવનો ફૂંકાતા બે દિવસ રાજ્યના ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા છે

જેમાં તા. 14 મે ના રોજ કચ્છ, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ,ગીર સોમનાથ, વડોદરા, છોટાઉદેપુર, ભરુચ, અને નર્મદા જિલ્લામાં પવનો સાથે કમોસમી વરસાદ થવાની શક્યતા છે જ્યારે મધ્ય ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસોમાં ઉતરોતર મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળશે. વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે સાથે સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ વધતાં શહેરીજનોને દિવસે તો ઠીક પરંતુ રાત્રી દરમિયાન પણ ગરમી અને બફારાનો અનુભવ થઇ રહ્યો છે. શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું અને લઘુત્તમ તાપમાન 27.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 44% જેટલું રહેવા પામ્યું હતું. શહેરમાં મંગળવારે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.

16મે 2025થી ટ્રેન નંબર 69102વટવા-વડોદરા મેમુ ના સમયમાં પરિવર્તન

(પ્રતિનિધિ) વડોદરા, તા.10 પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમય પાલનતા ને વધુ બહેતર બનાવવા ના ઉદ્દેશ્ય થી 16 મે 2025 થી ટ્રેન નંબર 69102 વટવા-વડોદરા મેમુ ના સમયમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 69102 વટવા-વડોદરા મેમુ 16 મે 2025 થી વટવાથી 17.40 કલાક ને બદલે 17.15 કલાકે ઉપડશે અને 17.25 કલાકે ગેરતપુર,17.30 કલાકે બારેજડી, 17.36 કલાકે કનીજ 17.41 કલાકે નેનપુર, 17.47 કલાકે મહેમદાવાદ ખેડા રોડ, 17.56 કલાકે ગોઠાજ, 18.05 કલાકે નડિયાદ, 18.12 કલાકે ઉત્તરસંડા,18.19 કલાકે કણજરીબોરીયાવી, 18.28 કલાકે આણંદ,18.37 કલાકે વડોદ,18.43 કલાકે અડાસ રોડ, 18.53 કલાકે વાસદ,19.00 કલાકે નંદેસરી,19.21કલાકે રનોલી, 19.32 કલાકે બાજવા અને 20.05 કલાકે વડોદરા પહોંચશે.રેલ્વે મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારો ને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નંબર 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને M.V. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400069
વડોદરા શાખા: ઓફિસ નંબર 404, ચોથો માળ, એટલાન્ટિસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપ સામે, સારાભાઈ રોડ, જિલ્લો - વડોદરા 390001 (ગુજરાત)
નડિયાદ શાખા: દુકાન નં.04, 1લો માળ, પ્રાઇમ સ્ક્વેર, ઠાસરા નં-R.S.NO:1154/A, કેનાલ પાસે અને DDIT યુનિવર્સિટી, કોલેજ રોડ, નડિયાદ, જિલ્લો-ખેડા - 387001 (ગુજરાત)
ગોધરા શાખા : દુકાન નં.3, પહેલો માળ, શ્રી સ્વામિનારાયણ એવ, બમરોલી રોડ, ગોધરા, જિ. પંચમહાલ-3૮૯૦૦૧(ગુજરાત)
દાહોદ શાખા: સી.એસ.નં.૫૫૫૮, એસ.એફ.૨, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ ૩૮૯૧૫૧, ગુજરાત જિલ્લો - દાહોદ (ગુજરાત)
બોડેલી શાખા: મિલકત નં.૧૪, પહેલો માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઇ રોડ, બોડેલી, જિલ્લો- છોટા ઉદેપુર ૩૯૧૧૩૫ (જીજે)

ડિમાન્ડ નોટિસ

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ (૧) સાથે વાંચવામાં આવે છે.

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (એએચએફએલ)ના નાણાકીય સંપત્તિઓના સુરક્ષા અને પુનર્નિર્માણ હેઠળના અધિકૃત અધિકારી છે અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ (ઉક્ત અધિનિયમ)ના અમલીકરણ. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૧૨) અને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે, જેમાં નીચેના ઋણ લેનાર(ઓ) ("ઉક્ત ઋણ લેનાર(ઓ)"ને નીચે આપેલ સંબંધિત ડિમાન્ડ નોટિસ(ઓ)માં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે. ઉપરોક્ત સંદર્ભમાં ઉપરોક્ત ઋણ લેનાર(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના પ્રકાશનથી ૬૦ દિવસની અંદર, નીચે દર્શાવેલ રકમ, નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ(ઓ)માં વિગતવાર મુજબ વધુ વ્યાજ સાથે, નીચે દર્શાવેલ તારીખ(ઓ)થી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, જે ઉક્ત ઋણ લેનાર(ઓ) દ્વારા અમલમાં મુકાયેલા અન્ય દસ્તાવેજો/લેખનો સાથે વાંચવામાં આવતા લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર છે. લોનની બાકી ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની સંપત્તિઓ અનુક્રમે ઉધાર લેનાર(લેનારાઓ) દ્વારા AHFLને ગીરવે મૂકવામાં આવી છે.

ક્રમ નં.	ઋણ લેનાર/સહ ઉધાર લેનાર અને બાંયધરી આપનારનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સુરક્ષિત સંપત્તિઓનું વર્ણન (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નંબર 03800000160/વડોદરા શાખા) સ્વ.વલીમહમદ રસુલશા દિવાન (કાનૂની વારસદાર દ્વારા પ્રતિનિધિત્વ) (ઉધાર લેનાર) સબ્બીરભાઈ વલીમહમ્મદ દિવાન અને ઈકબાલ વલીમહેમદ દિવાન (સહ ઉધાર લેનાર) મુસ્તાક અબ્દુલખાલિદ અંસારી (જામીનદાર)	12-04-2025 ₹ 2,60,920/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, ૩૬૫ ૨ ૪૮ કાશીમાબાદ સોસાયટી, બોરુ ટર્નિંગ હાલોલ રોડ પાસે, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૩૦
2	(લોન કોડ નંબર 03800000202/વડોદરા શાખા) રમેશભાઈ જે પુરોહિત (ઉધાર લેનાર) ઇન્દિરાબેન આર પુરોહિત (સહ ઉધાર લેનાર) મગનભાઈ ડાહ્યાભાઈ સોલંકી (જામીનદાર)	12-04-2025 ₹ 7,45,481/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, ૨૮૮ બી ૨૭ આશીર્વાદ સોસાયટી, માનેજા રોડ, બેંક ઓફ બરોડા માનેજા સામે, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૧૩
3	(લોન કોડ નંબર 03900000616 / નડિયાદ શાખા) નરેશકુમાર ચૌહાણ (ઉધાર લેનાર) મહેશભાઈ ચૌહાણ અને મણીબેન વિનોદ ચૌહાણ (સહ ઉધાર લેનાર)	12-04-2025 ₹ 2,14,847/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, આર એસ નં. ૪૪ ૨૮ પૈકી ૨૭ ખાતા જલારામ નગર ૩ દેવ રેસિડેન્સી ડી પ્લોટ નં. ૧૫૨ ૧૫૩ પૈકી ૧લો ભાગ યુનિટ નં. ૨૨ જલારામ નગર ૩ દેવ રેસિડેન્સી ડી બી એચ નિતાયમ સ્કૂલ બામરોલી રોડ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૦૦૧
4	(લોન કોડ નંબર 17610000022/ગોધરા શાખા) અરવિંદભાઈ ધારિયા (ઉધાર લેનારા) રમણભાઈ ધારિયા અને શર્મિષ્ઠાબેન ધારિયા (સહ ઉધાર લેનારા)	12-04-2025 ₹ 2,52,110/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, મકાન નં. ૩૬૩, મોટુ ફડીયુ ટિમ્બાથી કરબીરપુર રોડ ૦ મકાન નં. ૩૬૩, જુની ધારી, પંચમહાલ ગુજરાત ૩૮૮૭૧૦
5	(લોન કોડ નંબર 17610000133/ગોધરા શાખા) ઉમરફારુક મોહન (ઉધાર લેનાર) અફસાના ઉમરફારુક મોહન (સહ ઉધાર લેનાર)	12-04-2025 ₹ 10,38,631/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જી.એફ. મુન. ઘર નં. ૧/૬૬૫/એન દોસ્તાન પાર્ક સોસાયટી હુસેની મસ્જિદ રોડ વોર્ડ નં. ૧/૧ પ્લોટ નં. ૮૭ ગોધરા પંચમહાલ ગુજરાત ૩૮૯૦૦૧
6	(લોન કોડ નંબર 03810000174/ વડોદરા શાખા) પ્રભાતભાઈ મકવાણા (ઉધાર લેનારા) સરોજબેન મકવાણા (સહ ઉધાર લેનારા)	12-04-2025 ₹ 3,13,557/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જી.એફ. પંચાયત મકાન નં. ૩૮૮ નિસાદ ફડીયુ, સ્કૂલ રોડ વેલવડ પંચમહાલ ગુજરાત ૩૮૮૭૧૩
7	(લોન કોડ નંબર 17610000181/ગોધરા શાખા) વિજયભાઈ ખુશાલભાઈ સોલંકી (ઋણ લેનાર) જ્યોતિકાબેન વિજયભાઈ સોલંકી (સહ ઉધાર લેનારા)	12-04-2025 ₹ 10,87,530/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જી. ફ્લોર મકાન નં. ૬૮-૬૯/૧ શિવ સાગર સોસાયટી, હાલોલ અરાદ રોડ, સબ પ્લોટ નં. ૬૮-૬૯/૧ પ્રતાપપુરા પંચમહાલ ગુજરાત ૩૮૯૩૬૦
8	(લોન કોડ નંબર 38110000113 / દાહોદ શાખા) સંકરભાઈ મારુ (ઉધાર લેનાર) સુમિત્રાબેન મારુ, ભુરાભાઈ મગનભાઈ મારુ અને મગનભાઈ મારુ (સહ ઉધાર લેનારાઓ)	12-04-2025 ₹ 5,48,870/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જી.એફ., એફએફ. હાઉસ નં. ૧૫૧/૧ હરિજનવાસ ફળિયુ, કટવારા રોડ ૧૫૧/૧ કટવારા દોહાદ ગુજરાત ૩૮૯૧૫૪
9	(લોન કોડ નંબર 38110000122 / દાહોદ શાખા) રાકેશભાઈ શાંતિલાલ મારુ (ઉધાર લેનાર) લક્ષ્મીબેન મારુ (સહ ઉધાર લેનારા)	12-04-2025 ₹ 6,67,444/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જીએફ હાઉસ નં. ૧૭૫/૧ વાલ્મીકિવાસ ઓલ્ડ ઇન્દોર હાઇવે રોડ કટવારા દોહાડ ગુજરાત ૩૮૯૧૫૧
10	(લોન કોડ નંબર 50410000024 / બોડેલી શાખા) મનહરભાઈ છગનભાઈ સલાટ (ઉધાર લેનાર) શારદાબેન સલાટ (સહ ઉધાર લેનાર)	12-04-2025 ₹ 4,06,595/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જીએફ હાઉસ નં. ૨૫૮ સલાટ ફળિયું ભમરોલી રોડ, દેવધા દોહાડ ગુજરાત ૩૮૯૩૮૦
11	(લોન કોડ નંબર 38110000211 / દાહોદ શાખા) ડામોર અશ્વિનભાઈ ખેમચંદભાઈ (ઉધાર લેનારા) સોનલબેન અશ્વિનભાઈ ડામોર (સહ ઉધાર લેનારા)	12-04-2025 ₹ 6,87,596/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જીએફ મિલકત નં. ૮૬૪, ઓલ્ડ હાઉસ નં. ૮૭૦ પટેલ ફળિયું ઇન્દોર અમદાવાદ હાઇવે રોડ ભુરોડી દોહાડ ગુજરાત ૩૮૯૧૫૪
12	(લોન કોડ નંબર 03810000423/વડોદરા શાખા) ગૌરવકુમાર અગ્રવાલ (ઋણ લેનાર) શીતલ અગ્રવાલ (સહ ઉધાર લેનાર)	12-04-2025 ₹ 37,14,570/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, જીએફ બ્લોક નં. ૩૭ પટેલ પાર્ક કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. વારસિયા રોડ વડોદરા ગુજરાત ૩૯૦૦૦૬
13	(લોન કોડ નંબર 03810000425/વડોદરા શાખા) કૌશલ તુરાખિયા (ઉધાર લેનાર) રચના તુરાખિયા અને હીના તુરાખિયા (સહ-ઉધાર લેનાર)	12-04-2025 ₹ 30,87,409/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, ફ્લેટ નં. ડી-૬૦૩ ૬ઠ્ઠો માળ શિવાલિક ગ્રેસ ભાયલી રોડ પ્લોટ નં. ૫૫ ભાયલી વડોદરા ગુજરાત ૩૯૧૪૧૦
14	(લોન કોડ નંબર 03800000072 અને 03800000083/ વડોદરા શાખા) છૈલવિહારી ડી શર્મા (ઉધાર લેનાર) ગીતાબેન ઘનશ્યામ શર્મા (સહ ઉધાર લેનારા) કમલાબેન ચંદ્રકાંતભાઈ સોલંકી (જામીનદાર)	14-04-2025 ₹ 4,39,313/- & ₹ 2,27,298/-	મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ, ૪૧૪પી એઆર ૨ ૬૭ દેવનગર ગુજરાત સ્લમ ક્લિયરન્સ સેલ, તરસાલી બસ સ્ટેન્ડ નજીક, તરસાલી, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૦૯

જો ઉપરોક્ત દેવાદારો ઉપરોક્ત મુજબ AHFLને ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો AHFL ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિઓ સામે કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે. કાયદા હેઠળ ઉક્ત દેવાદારોને ઉપરોક્ત સંપત્તિઓ, વેચાણ, લીઝ અથવા અન્યથા AHFL ની પૂર્વ લેખિત સંમતિ વિના સ્થળાંતરિત કરવાની મનાઈ છે. કોઈપણ વ્યક્તિ જે ઉપરોક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘનને પ્રોત્સાહન આપે છે, તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડને પાત્ર રહેશે.

સ્થળ: ગુજરાત, **એસડી/- અધિકૃત અધિકારી**
તારીખ: ૧૪.૦૫.૨૦૨૫ **ફોર આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

પરીક્ષામાં ચોરી કરવું 147 વિદ્યાર્થીઓને ભારે પડી ગયું

VNSGUની કડક કાર્યવાહી, ચોરી કરનારા 147 વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા નહીં દેવાય

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીએ કડક કાર્યવાહી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે અયોગ્ય ઠેરવ્યા

(પ્રતિનિધિ) સુરત, તા.10 સુરત સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) દ્વારા સંચાલિત વિવિધ કોલેજોમાં લેવાયેલી પરિક્ષાઓ દરમિયાન ગેરરીતિના અનેક ગંભીર કેસો સામે આવતા યુનિવર્સિટી દ્વારા કડક વલણ અપનાવાયું છે. યુનિવર્સિટીની માલપ્રેક્ટિસ ઈન્કવાયરી કમિટીની તાજેતરની બેઠકમાં 147 વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવાની સાથે તેમને આવતા જૂન-જુલાઈ મહિનાની પૂરક પરીક્ષાઓ માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે. કમિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પરીક્ષાની પવિત્રતાને જાળવવી એ યુનિવર્સિટીની પ્રથમ જવાબદારી છે. કોઈ પણ પ્રકારની ગેરરીતિ સહન કરવી શક્ય નથી. અમે દરેક કેસની નિષ્ઠાપૂર્વક તપાસ કરી છે અને પુરાવાના આધારે નિર્ણય લીધો છે, તેમ પ્રવક્તાએ જણાવ્યું.

કમિટીએ કરેલી તપાસમાં અલગ અલગ પ્રકારની નકલ અને ગેરરીતિના કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં કાપલી સાથે પકડાયેલા 68 વિદ્યાર્થી પાસેથી કાપલીઓમાં લખાયેલ સામગ્રી મળી આવી હતી, જે તેઓ પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લઈ રહ્યા હતા. કાપલીમાંથી લખાણ ઉતારતા 41 વિદ્યાર્થીએ સીધા કાપલીમાંથી જવાબ લખતા ઝડપાયા હતા. ટેકનોલોજીનો દુરુપયોગ 11 વિદ્યાર્થી પાસેથી મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લૂટૂથ જેવી ડિવાઈસેસ મળી આવી હતી, જેના આધારે નકલ કરવાની શક્યતાઓ વધતી હતી. જ્યારે 1 વિદ્યાર્થીએ પેન ઉપર લખાણ છુપાવ્યું હતું જ્યારે કેટલાકએ હાથ-પગ, પેન્સિલ-રબર વગેરે ઉપર લખાણ છુપાવવાનું પ્રયત્ન કર્યું હતો.

આક્ષેપિત તમામ વિદ્યાર્થીઓને તેમની બાજુ રજૂ કરવાનો અવસર આપવામાં આવ્યો હતો. તેમણે પોતાની વાત કમિટી સમક્ષ રજૂ કરી, ત્યારબાદ સમિતિએ તમામ પાસાંઓને ધ્યાને લઈને અંતિમ નિર્ણય લીધો. યુનિવર્સિટીએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે ભવિષ્યમાં પણ ગેરરીતિ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાના ભવિષ્ય માટે ઈમાનદારીથી